આંક:– ૨૨

**અમદાવાદની મજુર અદાલત નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી પી.વી.ધીમર સમક્ષ**

**રેફરન્સ કેસ નં.૧૪૬/૨૦૧૯**

**પ્રથમ પક્ષકાર :–** **ગોપાલ જેમ્સ,**
ઠે. ૮૪૫, મહાવીરનગર, ત્રીમુર્તિ કોમ્પલેક્ષ પાછળ,
ઠક્કરબાપાનગર, બાપુનગર, અમદાવાદ.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર : –** **પટેલ મેહુલકુમાર પરસોત્તમભાઈ**
ઠે. ૨૧, અવધ કુંજ ટેનામેન્ટ,
રાજાવીર સોસાયટી પાછળ, ઠક્કરબાપા નગર,
અમદાવાદ.
૮/૦:– સહકાર કામદાર યુનીયન,

**વિષય** :– આઈ.ડી.એકટ, ૧૯૪૭ ની કલમ–૧૦(૧)સી અન્વયેનો રેફરન્સ.

**હાજર રહયા** :– પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ. શ્રી એ.કે.ચાવડા
બીજા પક્ષકાર તરફે : વિ. પ્રતિ.શ્રી એસ.કે.કાઝી

**–: એ વો ર્ડ :–**

(૧) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદની કચેરીના પત્ર ક્રમાંક: નાશ્રઆ/અવિ/વિ–૨/ આઈડીઆર/૧૯૪/વર્ષ–૧૮/૨૮૮૨૫. તા.૧૦/૧૨/૨૦૧૮ થી ઔદ્યોગિક વિવાદની કલમ ૧૦(૧)(સી) અન્વયે ન્યાય નિર્ણય અર્થે અત્રેની અદાલતને મોકલી આપવામાં આવેલ છે. જેની અનુસુચિમાં જણાવ્યા મુજબ અરજદારશ્રીને પુન:સ્થાપિત કરવા કે કેમ?

(૨) આ કામના બીજા પક્ષકાર (કે જે હવે પછી અરજદાર તરીકે) તથા પ્રથમ પક્ષકારો (કે જેને હવે પછી સામાવાળા તરીકે) સંબોધવામાં આવેલ છે.

(૩) સદરહુ કામે પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરતા અરજદાર તથા સામાવાળા હાજર થયેલા છે, સદરહુ કામે અરજદાર તરફે માંગણાનુ નિવેદન આંક–૪ થી રજુ છે જયારે સામાવાળા પક્ષે હાજર રહી આંક–૮ થી જવાબ રજુ કરેલ છે.

(૪) બાદમાં સદર કામ આંક–૯ થી પુરાવાનું સોગંદનામું ખાતાકીય તપાસની કાયદેસરતા પુરતુ રજુ કરવામાં આવેલ હતું. જેના ઉપર વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ હતી. બાદમાં મારા પૂરોગામી દ્વારા આંક–૨૧ થી ખાતાકીય તપાસને કાયદેસર ઠેરવતો હુકમ તા.૨૮/૧૨/૨૧ ના રોજ કરવામાં આવેલ હતો. ત્યારબાદથી સદર કામ અરજદારના પુરાવા માટે ચાલ્યુ આવેલ છે ત્યારથી આજદિન સુધી અરજદાર તરફે પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૫)** અરજદારને ત્રણ વર્ષ ઉપરાંતનો સમય મળવા છતાં પુરાવો રજુ કરેલ નથી. આમ, અરજદારને તેમની અરજીમાં કોઈપણ પ્રકારનો રસ હોય તેવુ જણાઈ આવતુ નથી કારણ કે જો તેઓને રસ હોત આ સમયગાળામાં હાજર રહીને ચોકકસ પુરાવો રજુ કરી શકયા હોય જે કરેલો નથી. અરજદાર પક્ષને વ્યાજબી કરતાં પણ વધારે મુદત પુરાવો રજુ કરવા માટે આપવામાં આવેલી છે આમ છતાં પુરાવો રજુ કરવામાં અરજદાર પક્ષ ઘરાર નિષ્ફળ રહેલ છે.

**(૬)** વધુમાં આ કામે અરજદાર પક્ષે પુરાવો રજુ કરેલ નથી કે કોઈ રીપોર્ટ કે કોઈ રજુઆત પણ કરેલ નથી. અરજદાર પક્ષ પોતાના કેસ પરત્વે અરૂચી અને સુગ તથા બેદરકારી દાખવવામાં આવેલ છે જેથી પણ અરજદારનું તેના કેસમાં રસ કે રૂચી હોય તેમ જણાય આવતુ નથી. અરજદારને ત્રણ વર્ષ ઉપરનો સમય આપવા છતાં અરજદાર પક્ષે પોતાના કેસમાં કોઈ રસ લેવામાં આવેલ નથી કે પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**(૭)** આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં અરજદાર પક્ષની કેસ પરત્વેની અરૂચી, નિરસતા, બેદરકારી ધ્યાને લેતા તેમજ અરજદારના પુરાવાના અભાવે અરજદારનો રેફરન્સ કેસ નામંજુર કરવા પાત્ર જણાતો હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-: <u>હુ ક મ</u> :-**

(૧) હાલનો રેફરન્સ (ટી) કેસ બીજા પક્ષકારની કેસ પરત્વેની અરૂચી, નિરસતા અને બેદરકારીના કારણે તેમજ પુરાવાના અભાવે નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) રેફરન્સ કેસના સંજોગો જોતાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) એવોર્ડ પ્રસિધ્ધ થયેથી રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત (પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ-૩૨ મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

સ્થળ:- અમદાવાદ.
તા.૧૯/૦૭/૨૦૨૪

**પ્રદીપકુમાર વસંતલાલ ધીમર**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત નં.૫, અમદાવાદ**
જજ કોડ:જીજે૦૧૪૮૮